# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

## ડિપ્લોમામાંથી ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની જાહેરાત વર્ષ ૨૦૧૯-૨૦

ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીમાંથી ઉતીર્ણ થયેલ ત્રણવર્ષના ડિપ્લોમા કોર્ષના જે વિદ્યાર્થીઓ સંલગ્ન ડિગ્રી કોર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય અને તે માટેની ન્યૂનતમ લાયકાત **GEN/SEBC-5.5 OGPA તથા ST/SC-5.0 OGPA** ધરાવતા હોય તેમણે **www.b.gsauca.in** વેબસાઇટ ઉપરથી તા.૨૦/૦૬/૨૦૧૯ થી તા.૨૫/૦૬/૨૦૧૯ દરમ્યાન **HDFC** બેન્કનું બેન્ક ચલણ ઓનલાઈન ભરી તેની પ્રિન્ટ મેળવી **HDFC** બેન્કની કોઈપણ શાખામાં રૂ.૨૦૦/- ચલણથી ભરવાના રહેશે. ત્યારબાદ વેબસાઇટ **www.b.gsauca.in** ઉપર મૂકવામાં આવેલ ફોર્મ ડાઉનલોડ કરી વિદ્યાર્થીએ જે પોલીટેકનિક ખાતે અભ્યાસ કર્યો હોય તે જ પોલીટેકનિકમાં તા.૨૦/૦૬/૨૦૧૯ થી તા.૨૬/૦૬/૨૦૧૯ સુધીમાં રૂબરૂમાં જઈને ફોર્મ ભરી અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવી તે જ પોલીટેકનિકમાં ફોર્મ જમા કરાવવાનું રહેશે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓના નામ તા.૦૨/૦૭/૨૦૧૯ના રોજ વેબસાઇટ **www.b.gsauca.in** પર મૂકવામાં આવશે તે જ વિદ્યાર્થીઓએ તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ **Online/OMR** પધ્ધતિથી પ્રવેશ પરીક્ષા માટે નીચે મુજબના સ્થળે હાજર રહેવાનુ રહેશે

| **અ.નં.** | **પોલીટેકનિક અભ્યાસક્રમ** | **સ્નાતક અભ્યાસક્રમ** | **કાર્યક્રમ** | **પરીક્ષાનું સ્થળ** |
|---|---|---|---|---|
| ૧ | કૃષિ | કૃષિ | પરીક્ષા<br>૦૫-૦૭-૨૦૧૯<br>૯.૩૦ કલાકે | યુનિવર્સિટી ભવન, આણંદ<br>કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| | બાગાયત | બાગાયત | | |
| | એગ્રી.કો.ઓપરેશન બેન્કિંગ એન્ડ માર્કેટીંગ ડીપ્લોમા | કૃષિ<br>(ફક્ત નવસારી કૃષિ યુનિવર્સિટી માટે) | | |
| | | | કાઉન્સેલિંગ<br>૦૬-૦૭-૨૦૧૯<br>૦૯.૩૦ કલાકે | બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ<br>કૃષિ યુનિવર્સિટી, આણંદ. |
| ૨ | ગૃહ વિજ્ઞાન | કોમ્યુનિટી સાયન્સ | પરીક્ષા<br>૦૫-૦૭-૨૦૧૯<br>૯.૩૦ કલાકે | અસ્પી ગૃહ વિજ્ઞાન મહાવિદ્યાલય,<br>સરદારકૃષિનગર<br>દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સ.કૃ.નગર. |
| | ન્યૂટ્રીશન અને ડાયેટીક્સ | | કાઉન્સેલિંગ<br>૦૫-૦૭-૨૦૧૯<br>૧૬.૦૦ કલાકે | |

પરીક્ષાનું પરિણામ અને મેરીટ યાદી તા.૦૫/૦૭/૨૦૧૯ના રોજ બપોર બાદ વેબસાઇટ **www.b.gsauca.in /** નોટિસ બોર્ડ પર મૂકવામાં આવશે અને પરીક્ષામાં ૪૦%થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહી. ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લેખિત પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના ૪૦% અને તેમના ડીપ્લોમાના **OGPA** ના ૬૦% ને ધ્યાને લઈ અંતિમ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. તા.૦૫/૦૭/૨૦૧૯ અને તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ જે-તે અભ્યાસક્રમના પરીક્ષા/રૂબરૂ કાઉન્સેલીંગ માટે ઉપરોક્ત જણાવેલ સ્થળે અને સમયે સ્વખર્ચે અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે જ્યાંથી તેઓને સંલગ્ન કોલેજની પ્રવેશ ક્ષમતાને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે અને ત્યારબાદ જરૂરી પ્રમાણપત્રો તેમજ ફી સાથે તા.૦૮/૦૭/૨૦૧૯ સુધીમાં ફાળવવામાં આવેલ કોલેજ ખાતે હાજર થવાનું રહેશે

**તા.૧૯.૦૬.૨૦૧૯**

**નોડલ અધિકારી (બી-ગ્રુપ પ્રવેશ) અને કુલપતિ**
**આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.**